ક્રીમીનલ પરચુરણ અરજી નં.૭૪૯૦/૨૦૨૫
(આંક–૩૨ ની અરજી લગત હુકમ)

**<u>આંક–૩૨ ની અરજી લગત હુકમ</u>**

(૧) આ અરજી અરજદાર તરફે અરજી માં જણાવ્યા મુજબ ની વિગતે, બી.એન.એસ.એસ. ની કલમ–૯૬ મુજબ કેસના ન્યાયીક નિકાલ માટે જરૂરી અને આવશ્યક દસ્તાવેજો મંગાવવા માટે આપેલ છે. અરજી અન્વયે અરજદાર તેમજ સામાવાળાઓ તરફે ની દલીલો સાંભળી. આ હુકમ અરજી લગત કરવામાં આવતો હોવા થી અરજી ની હકીકતો નું પુનરાવર્તન કરેલ નથી.

(૨) અરજદાર તરફે હાલ ની અરજી ધી પ્રોટકેશન ઓફ વુમેન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ ની જોગવાઇઓ મુજબ દાખલ કરેલ છે. હાલ આ કેસ અરજદારના પુરાવા માટે છે અને અરજદાર તરફે આંક–૦૯ થી સરતપાસ રજુ રાખેલ છે જેની ઉલટ તપાસ બાકી છે. આ પ્રોસીડીંગ્સ કવોસી સિવીલ અને કવોસી ક્રિમીનલ પ્રકારના છે. બી.એન.એસ.એસ. કલમ–૯૬ ની જોગવાઇ ધ્યાને લેતાં, આ જોગવાઇ ક્રિમીનલ કેસના ઇન્વેસ્ટીગેશન અને ટ્રાયલ સંદર્ભે છે. જે જોગવાઇ ધ્યાને લેતાં, આ જોગવાઇ હાલની અરજી સંદર્ભે લાગુ પાડી શકાય નહીં. વધુમાં, આ કેસ હાલ અરજદારના પુરાવા માટે ચાલુ છે અને તેથી અરજદાર યોગ્ય તબકકે અરજી આપી આ તમામ વ્યકિતઓને સાહેદ તરીકે તપાસી શકે તેમ છે. વધુમાં, કાયદાના સ્થાપીત સિધ્ધાંત મુજબ, પુરાવા ભેગા કરવા માટે કોર્ટને માધ્યમ બનાવી શકાય નહીં. આમ, ઉપરોકત કારણોસર હાલ ની અરજી કાયદાકીય જોગવાઇઓ મુજબ ટકવાપાત્ર રહેતી નથી તેમ ઠરાવવામાં આવે છે.આ અરજી અન્વયે નીચે મુજબ નો આખરી હુકમ કરવા માં આવે છે.

// આખરી હુકમ //

આથી, ઉપરોકત જણાવેલ કારણોસર હાલ ની અરજી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ.૧૨,માહે.જુન,સને.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

[દર્શકકુમાર દિનેશંચદ્ર શાહ]
૫ માં એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ (કોર્ટ નં.૧), અમદાવાદ સીટી
અમદાવાદ
Code : GJ00956